તા. ૩૦.૦૪.૨૦૨૪

ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં.૦૩

## ટ્રાફિક સંચલનને સરળ કરવા પાઈલોટ પ્રોજેક્ટ

# આઈલેન્ડ સાથે ચ-૫ સર્કલને ડેવલપ કરીને ડાબે વળનારા માટે નવી ચોથી લેન અપાશે

ગાંધીનગર, સોમવાર

પાટનગરને મેટ્રો ટ્રેનની સુવિધા મળવાની સાથે બદલાતા રોડ એન્જીનિયરીંગમાં ટ્રાફિકના સંચલનને વધુ સરળ બનાવવા પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે ચ ૫ સર્કલને વિશેષરૂપે વિકસાવાશે. ચાર ખુણા પર ટ્રાફિક આઈલેન્ડ બનાવવા સાથે સિક્સલેન રોડ પરથી ડાબે વળવા માંગતા વાહનો માટે વધારાની ૧૦૦ મીટર લાંબી લેન તૈયાર કરાશે. જોકે સર્કલ પર મેટ્રો બ્રિજના ગર્ડરના કામ પુરા થાય બાદ આ પ્રક્રિયા હાથ ધરાનાર છે.

## રોડ બ્લોક કરવો ન પડે તેના માટે સર્કલ પર મેટ્રો ટ્રેનના બ્રિજના ગડર મુકી દેવામાં આવ્યા બાદ કામગીરી હાથ ધરવા નિર્ણય

રાજધાની તરીકે ગાંધીનગરની સ્થાપના કરવામાં આવી ત્યારે સેક્ટરોની વચ્ચેથી નીકળતા કથી જ માર્ગ તથા અને રોડ નંબર ૧થી ૭નું આયોજન કરવામાં આવ્યુ હતું. દરેક આડા માર્ગ પર પોણો કિલોમીટર અને ઉભા માર્ગ પર ૧ કિલોમીટરના અંતરે સર્કલ વિકસાવવામાં આવ્યા હતાં. મુખ્ય ૧૪ માર્ગ પરના આ સર્કલ પણ ગાંધીનગરની ઓળખ પૈકી એક બની ચૂકેલા છે. દરેક માર્ગનો ટુ લેનમાંથી ફોર લેન અને બાદમાં સિક્સ લેન કરવામાં આવ્યા છતાં સર્કલને જેમના તેમ રાખવામાં આવ્યા હતાં. પરંતુ હવે પાટનગરને મેટ્રો ટ્રેનની સુવિધા આપવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તેના એલીવેટેડ ટ્રેકના કારણે દાયકા જુનું રોડ એન્જીનિયરીંગ બદલાઈ રહ્યું છે. મેટ્રોના રૂટમાં આવતા અમુક સર્કલ તો ભૂતકાળ બની જવાના છે. જ્યારે અમુક સર્કલ નાના કરી દેવાના છે, તો અમુકની ડિઝાઈન બદલાઈ જવાની છે. આ પૈકીના ચ-૫ સર્કલને આકિોનીક બનાવવાની દિશામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે.નગરના તમામ સર્કલ પર ટ્રાફિક વધતો જઈ રહ્યો છે અને જામની સમસ્યા પણ વધી રહી છે. વાહન ચાલકોમાં ટ્રાફિક નિયમો સંબંધેની જાગૃતિનો અભાવ અથવા કાયદાનું પાલન નહીં જ કરવાની વૃતિના કારણે સિક્સ લેનના પહોળા રોડ હોવા છતાં દરેક સર્કલ પરથી સીધા જવા માંગતા વાહનો ડાબે વળવાની રોડની ત્રીજી અને અંતિમ લેન પર ઉભા રહી જતાં હોય છે. જેનો ઈલાજ ટ્રાફિક પોલીસ પણ કરી શકી નથી. ત્યારે હવે ચ ૫ સર્કલને આઈકોનીક રીતે વિકસાવવામાં આવશે. તેમાં સારા પરિણામો મળશે અન્ય સર્કલોને આ પેટર્ન પર ડેવલપ કરવા નિર્ણય લેવાયો છે.